# આમલુન ગામે મારામારી થતા ત્રણ સામે પોલીસ ફરીયાદ

શિહોરી, તા. ૯

કાંકરેજ તાલુકાના આમલુન ગામે જુની અદાવતમાં ૩ શખ્સોએ એક વ્યક્તિને ઢોર માર મારી મારી નાખવાની ધમકી આપતાં શિહોરી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ કાંકરેજ તાલુકાના આમલુન ગામના મુળ વતની ધર્મેન્દ્રભાઈ જીવનભાઈ પરમાર વર્ષોથી અમદાવાદના વાડજ ખાતે પોતાના પરિવાર સાથે રહે છે. બે દિવસ અગાઉ ધર્મેન્દ્ર પરમાર પોતાના ગામ આમલુન ગયા હતા. જ્યાં નરેશ બાબુ પરમાર, વિનોદ મફાભાઈ અને ભીખીબેન પરમારે ભેગા મળી ધર્મેન્દ્રભાઈને તુ કેમ ગામમાં આવ્યો છે તેમ કહી ગાળો બોલી ઝઘડો કરી ઢોર માર માર્યો હતો અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આથી ધર્મેન્દ્ર પરમારે શિહોરી પોલીસમથકમાં ફરિયાદ આપતા પોલીસે ત્રણેય શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.




અરવલ્લી જિલ્લાના મોડાસા હિંમતનગર રોડ પર આવેલા કબોલા પાસે ગુરુકૃપા પેપર મિલમાં વહેલી સવારે ઈન્કમટેક્ષ અમદાવાદ વિભાગના ૯ અધિકારીઓ પોલીસ બંદોબસ્ત સાથે ઉતરી પડ્યા હતા. આ અધિકારીઓ દ્વારા પેપર મિલની ઓફિસમાં ડેરા જમાવી જીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી હતી. મોડી સાંજ સુધી ચાલી રહેલી આ કાર્યવાહી દરમિયાન કેટલી કરચોરી પકડી છે તેની કોઈ જ માહિતી બહાર આવી શકી ન હતી. આ કાર્યવાહી મોડીરાત સુધી ચાલે તેવી સમભાવના દેખાઈ રહી છે. આ સર્ચ ચલતા કરચોરી કરનારા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. (તસવીર : સમીર બલોચ)

# પાલનપુર પાલિકાના સામેનો રહેણાંક વિસ્તાર ગંદકીમાં ગરકાવ

પાલનપુર, તા. ૯

ભાજપ શસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત અભિયાનના લીરા ઉડી રહ્યા હોવાની વ્યાપક ફરીયાદો ઉઠી છે. પાલનપુર નગરપાલિકા કચેરીના સામે જ રેસીડન્ટ એરીયામાં ગંદકીનું સામ્રાજય ફેલાતા લોકો ત્રાહિમામ્ પોકારી ઉઠયા છે. પાલિકાના નાક નીચે અત્તરોની નગરી આજે ગંધાઈ ઉઠી છે. ખુદ પાલનપુર નગરપાલિકા કચેરીના સામે શાકમાર્કેટ પાછળના રહેત્ણાંક વિસ્તારમાં સફાઈના અભાવે ગંદકીના ઢગ ખડકાયા છે. ગટરોની પણ નિયમિત સફાઈ થતી ન હોઈ ગટરો ચોકઅપ થઈ જતા ગટરો ઉભરાતા ગંદકીનું સામ્રાજય ફેલાઈ જવા પામ્યું છે. જેને પગલે મચ્છરોનો ઉપદ્રવ વધી જવા પામ્યો અમારો રહેણાંક વિસ્તાર આવેલો છે. જયાં સફાઈ ઉપરાંત રોડ જેવી પ્રાથમિક સુવિધાઓ આપવામાં પણ નગરપાલિકા ઉણી ઉતરી રહી છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્માર્ટ સીટીનું સ્વપ્ન કયારે પુરૂ થશે?? તેવો સવાલ લોકોને સતાવી રહયો છે. આ અંગે વારંવારની રજુઆતો પણ તંત્રના બહેરા કાને અથડાઈને પરત ફરી રહી છે. ત્યારે જીલ્લા કલેકટર



જ સફાઈ અભિયાનની ઉપેક્ષા થઈ રહી હોઈ મહામારી ફેલાવવાની દહેશત સ્થાનિક લોકો વ્યકત કરી રહયા છે.

પાલનપુર નગરપાલિકાના રાજમાં સ્વચ્છતા અભિયાનના નામે લાખો-કરોડો રૂપિયાનું આંધણ થઈ રહયું છે. આમ છતાં ફુલો અને છે. ગંદકી અને મચ્છરોના ઉપદ્રવ વચ્ચે રોગચાળાની દહેશત સેવાઈ રહી છે.

ત્યારે પાલિકાનું નઘરોળ સેનીટેશન તંત્ર અનહોની થવાની રાહ જોઈ રહ્યુ હોવાનો રોષ સ્થાનીક રહીશોએ વ્યકત કરતા જણાવ્યું હતું કે, ખુદ નગરપાલિકા કચેરી સામે જ અંગત રસ લઈ પાલિકા કચેરી સામેના રહેણાંક વિસ્તારમાં મહામારી ફેલાય તે પુર્વે પાલિકાના કુંભકર્ણની ગાઢ નિંદ્રામાં પોઢેલા સેનીટેશન વિભાગના કાન આમળી ચેતનવંતુ બનાવી ગંદકી મુકત કરાવે તેવી લોકલાગણી પ્રવર્તી રહી છે.

**(હરેશ જોષી, પાલનપુર)**

# રાયગઢ નજીક અકસ્માતમાં બે ના કરૂણ મોત

## ઈનોવા કાર ડિવાઈડર ઓળંગી લકઝરી બસને અથડાતા ગમખ્વાર અકસ્માત થયો હતો

રાયગઢ, તા. ૯

અમદાવાદ-ઉદયપુર નેશનલ હાઈવે નં. ૮ પર સાબરકાંઠાના રાયગઢ ગામની સીમમાં મંગળવારે મધ્યરાત્રીએ વિચીત્ર અકસ્માતની ઘટના સર્જાઈ હતી. જેમાં ઈનોવાકાર ડીવાઈડર ઓળંગી રોંગ સાઈડે સામેથી આવી રહેલી લકઝરી બસ સાથે ટકરાતા ઈનોવાકાર ચાલક સહિત અન્ય એક વ્યક્તિનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. અકસ્માતના પગલે દોડી આવેલી ગાંભોઈ પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રાયગઢ ગામની સીમમાં મંગળવારે મધ્યરાત્રીએ ઈનોવાકાર અને લકઝરી બસ ટકરાતા બે વ્યક્તિઓના મોત નિપજ્યા હતા.



લકઝરી બસ પલટી જતા લકઝરીબસમાં મુસાફરી કરતા ૩૫ થી વધારે મુસાફરો ઈજાગ્રસ્ત બન્યા હતા. મંગળવારે મધ્યરાત્રીએ ૨.૩૦ વાગ્યાની નજીક અમદાવાદથી રાજસ્થાન તરફ જઈ રહેલી ઈનોવા કાર (ગાડી નં. જીજે૧એચજે૩૧૭૬)ના ચાલકે પુરઝડપે ગફલતભરી રીતે હંકારતા રાયગઢ ગામની સીમમાં સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા ઈનોવાકાર પલટી ખાઈ ડિવાઈડર ઓળંગી ઉદયપુરથી અમદાવાદ જતી લકઝરી બસ (ગાડી નં. આરજે૩૦પીએ-૯૦૦૯)ને ટક્કર મારી દીધી હતી. લકઝરી બસના ચાલકે અકસ્માતથી બચવા જતા સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા રોડ સાઈડ પલટી ખાઈ જતાં લકઝરી બસમાં મુસાફરી કરી રહેલા ૩૫ થી વધારે મુસાફરો ઈજાગ્રસ્ત બન્યા હતા. ઈનોવાકારનો ચાલક અને તેની સાથે બેઠેલા અન્ય વ્યક્તિનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. અકસ્માત અંગેની જાણ ગાંભોઈ પોલીસ સ્ટેશને થતાં તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ઈનોવાકાર ચાલક અને અન્ય મૃત શખ્સના નામઠામ જાણવા કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માતે મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

(તસવીર : જય અમીન, મોડાસા)

# સલાલ પાસે અકસ્માતમાં આધેડનું સારવાર દરમિયાન મોત

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે ૮ સલાલ પાસે મારૂતી કારની ટક્કરથી ૪૫ વર્ષના આધેડને શરીરે તથા માથાના ભાગે ઈજાઓ થતાં અમદાવાદ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા ત્યાં સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ સલાલ કેનાલ પાસે તા. ૨૯-૮-૨૦૧૫ને બુધવારના રોજ વિષ્ણુભાઈ રમણભાઈ વાઘેલા રહે. સલાલ ઉં.વ. ૪૫ કે જેઓ નેશનલ હાઈવે આઠ ઉપર રોડ ક્રોસ કરી રહ્યા હતા તે દરમ્યાન અજાણ્યા મારૂતી કાર ચાલકે ફૂલ ફાસ્ટ હંકારી લાવી તેમણે પાછળથી ટક્કર મારતા તેવોને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમણે ૧૦૮માં પહેલાં પ્રાંતિજ ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હતા અને ત્યાંથી તેમણે હિંમતનગરને અને ત્યાંથી વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન વિષ્ણુભાઈ વાઘેલાનું મોત થતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર તેમના સાસુ શકરીબેન ગાંડાભાઈ જેઠાભાઈ વાઘેલા રહે. વડાગામ દ્વારા ફરિયાદ નોંધાવતા પ્રાંતિજ પોલીસે અજાણી મારૂતી કાર તથા કાર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી પ્રાંતિજ પી.આઈ. ભરતભાઈ પટેલ દ્વારા તપાસ હાથ ધરી હતી.



## પાલનપુર હાઈવે નજીકથી નવજાત માનવ ભ્રુણ મળ્યું

બનાસકાંઠામાં નવજાત શિશુને ત્યજી દેવાના બનાવો હવે સામાન્ય બની ગયા છે. આજના સમાજ માટે લાલબત્તી સમાન નવજાત બાળકને ફેંકી દેવાના બનાવોમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. ત્યારે એક વધુ નવજાત શિશુને ફેંકી દેવાની ઘટના પ્રકાશનમાં આવી છે. ગત સપ્તાહે ડીસા શહેરમાંથી એક નવજાત ભ્રુણ મળી આવ્યા બાદ આજે પાલનપુર ડીસા હાઈવે પર આવેલી બનાસ બેન્કના પાછળના ભાગે પસાર થતા નાળામાં લાલ કલરના કપડામાં વિટાળેલી હાલતમાં નવજાત ભ્રુણ મળી આવ્યું હતું. નવજાત ભ્રુણની હાલત જોતા છેલ્લા ૨ દિવસથી અહી ફેંકી દેવાયું હોય તેમ જણાઈ રહ્યું હતું. **(તસવીર : હરેશ જોષી, પાલનપુર)**

# વાઘમહુડી ગામે દારૂ ભરેલી કાર ઝડપાઈ

## એલ.સી.બી.એ ૮૪ હજારનો દારૂ જપ્ત કરી બે બુટલેગરોની ધરપકડ કરી

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે અરવલ્લી જિલ્લામાં વિદેશી દારૂની ગેરકાયદેસર હેરાફેરી અટકાવવા અને વેપલો કરી નફો રળતા બુટલેગરોને ઝડપી પાડવા સપ્ત કાર્યવાહિ હાથ ધરી અરવલ્લી જિલ્લાના સરહદો નજીકના ૮૪ હજારનો જથ્થો કારમાંથી ઝડપી પાડી બે બુટલેગરોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે વાઘમહુડી ગામની સીમમાંથી પસાર થઈ રહેલી એસેન્ટ કાર (ગાડી નં. જીજે૧કેજે-૧૬૧૦)ની ઝડપ શંકાસ્પદ જણાતાં અટકાવી તલાશી ૩૦૦૦૦૦ અને રોકડ રકમ રૂ. ૧૦૦૦ તથા મોબાઈલ નંગ-૨ રૂ. ૨૦૦ મળી કુલ ૩,૮૭,૦૦૦ રૂ.નો મુદ્દામાલ જપ્ત કરી ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂ હેરાફેરી કરવાના ગુનામાં મનહર ઉર્ફે લાલો ગોવિંદભાઈ ચૌહાણ (રહે. નડીયાદી દરવાજા, લુહારવાસ, ખેડા) અને



ગામડાઓમાં સઘન પેટ્રોલીંગ હાથ ધરવામાં આવતાં જિલ્લા એલસીબી પોલીસને બુટલેગરો ઝડપવામાં સફળતા મળી રહી છે. ખેડાના બે બુટલેગરો દ્વારા વાઘમહુડી ગામની સીમમાંથી ગેરકાયદેસર વિદેશી દારૂનો લેતા એસેન્ટ કારમાંથી વિદેશી દારૂની પેટી નંગ-૭ અને છુટી બોટલો અને બીયરના ટીન મળી કુલ નંગ ૩૦૦ કિંમત રૂ. ૮૪ હજારનો વિદેશી દારૂનો જથ્થો ગેરકાયદેસર વગર પાસપરમીટનો મળી એસેન્ટ કારની કિંમત રૂ. અલતાફ વોરા (રહે. ખાત્રજ દરવાજા બહાર, મહેમદાવાદ, ખેડા) સામે પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળીયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી. (તસવીર : જય અમીન, મોડાસા)

# અરવલ્લીમાં કોંગ્રેસ સેવાદળ દ્વારા ડૉ. આંબેડકર જયંતિ નિમિત્તે રેલી યોજાઈ

## કોંગ્રેસ કાર્યકરોએ જવાહરલાલ નહેરુ અને આંબેડકરજીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા

મોડાસા, તા.૯

હાલ ગુજરાત સરકાર પાટીદાર અનામત આંદોલનને લઈને ભીસમાં મુકાઈ છે અને સમગ્ર ગુજરાત રાજયમાં હાલ ભાજપા વિરોધી વાતાવરણ ઉભુ થયુ છે ત્યારે ટુંક જ સમયમાં સમગ્ર ગુજરાત રાજયમાં સ્થાનીક સ્વરાજયની ચૂંટણીઓ યોજાનાર છે ત્યારે આ દેખાવ કરી અને ફરીથી ગુજરાતમાં કોંગ્રેસને પુર્નજીવીત થાય તે માટે આ બન્ને શખ્સો ધ્વારા જોરદાર મહેનત કરવામાં આવી રહી છે.

ત્યારે આજે કોંગ્રેસ ધ્વારા આજરોજ અરવલ્લી જીલ્લાના મોડાસા ખાતે આવેલ માર્કેટયાર્ડમાં ડૉ. બાબસાહેબ આંબેડરકરની ૧૨૫મી જન્મ જયંતી નીમિતે એક સંગઠક મંગલસિહ સોલંકીની આગેવાનીમાં એક રેલી મોડાસા માર્કેટયાર્ડથી થઈ અને ટાઉનહોલ ખાતે પહોચી હતી ત્યાં ડૉ. બાબાસાહેબ આંબેડકર અને જવાહરલાલ નહેરૂજીને શ્રધ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા. આ રેલીમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મંત્રી અરૂણભાઈ પટેલ અને વનરાજસિંહ



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

તકનો લાભ લેવા કોંગ્રેસ પક્ષ ધ્વારા કમરકસી છે અને અત્યારથી જ લોકસંર્પક શરૂ કરી દીધો છે.

આવનારી સ્થાનીક સ્વરાજયની તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત અને નગરપાલીકાની ચૂંટણીઓમાં ગુજરાત કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિરોધપક્ષને નેતા શંકરસિંહ બાપુની અધ્યક્ષતામાં યોજાનાર છે ત્યારે આ વખતે કોંગ્રેસે આ ચૂંટણીઓમાં સારો કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ તે જ પંડીત જવાહરલાલ નહેરૂ અને ડૉ. બાબસાહેબ આંબેડકરને શ્રધ્ધાસુમન અર્પણ કરવાનો કાર્યકર્મ ગોઠવવામાં આવ્યો હતો. ત્યારે સવારે ૧૦ વાગ્યાના સુમારે માર્કેટ યાર્ડ ખાતે મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરો ઉપસ્થીત થયા હતા. જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમીતીના ઉપપ્રમુખ મૌલીન વૈશ્ણવ તેમજ ગુજરાત કોંગ્રેસ સેવાદળના મુખ્ય રાઠોડ પણ જોડાયા હતા તેમજ મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રેસિંહ ઠાકોર ભીલોડા ધારાસભ્ય ડૉ. અનીલભાઈ જોષિયારા અરવલ્લી જીલ્લા કોગ્રેસના પ્રભારી ઈશ્વરભાઈ મકવાણા, ગોપાલસિંહ રાઠોડ તેમજ અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતીના પ્રમુખ પ્રતાપસિંહ ખાંટ અરવલ્લી જીલ્લા સેવાદળના મુખ્ય સંગઠક રેવાભાઈ ભાભી તેમજ મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરો જોડાયા હતો.

## શ્રી ઓમકારેશ્વર મહાદેવ મંદિર ખાતે ૧૦૦૮ કમળ દ્વારા અભિષેક કરાયો

પ્રાંતિજ રેલવે સ્ટેશન પર આવેલ શ્રી ઓમકારેશ્વર મહાદેવ મંદિર ખાતે શિવભક્ત એ. કે. પટેલ દ્વારા શ્રાવણના છેલ્લાં સોમવારે શિવલીંગ પર ૧૦૦૮ કમળ દ્વારા અભિષેક કરવામાં આવ્યો હતો.

# ઊંઝામાં અનઅધિકૃત દબાણો સામે પગલા ન લેવાતા દબાણની સમસ્યા વકરી

ઊંઝા, તા. ૯

ઊંઝા તાલુકામાં અનઅધિકૃત દબાણો અને બાંધકામોને દૂર કરવા માટે અસરકારક પગલાં ન ભરાતા દબાણોની સમસ્યા શિરદર્દ સમાન બની છે. ઊંઝા શહેર અને તાલુકાના ઉનાવા, બ્રાહ્મણવાડા, ઐઠોર, દાસજ, સિંહી, હાજીપુર, કરણપુર, બુણાવ, જગન્નાથપુરા, વરવાડા, વિશોળ, ખટાસણા, સૂણક, મક્તુપુર, નવાપુરા જેવા ગામોમાં છેલ્લા ઘણા વખતથી અનઅધિકૃત દબાણો અને બાંધકામો થયેલ છે.

ભૂતકાળમાં દબાણો દૂર કરવા અંગે ગ્રામ પંચાયત, નગરપાલિકા તથા તાલુકા પંચાયત સ્તરેથી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. પરંતુ સત્તાવાળાઓની ભેદભાવભરી નીતિરીતિ તથા લાપરવાહીના લીધે આજદિન સુધી દબાણો દૂર કરવા માટે કોઈ નક્કર પગલાં ભરાયા નથી. પરિણામે દબાણોની સ્થિતિ જૈસે થે રહી છે અને દિન પ્રતિદિન આવા દબાણો વધતા જાય છે. ગેરકાયદે દબાણો, બાંધકામોને દૂર કરવા માટે સ્થાનિક ગ્રામ પંચાયત, નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, સીટીસરવે કચેરી માર્ગમકાન વિભાગ વિગેરે તંત્રો નિષ્ફળ નિવડ્યા હોવાની છાપ ઉભી થઈ છે. ગેરકાયદેસર દબાણો બાંધકામો બાબતે નાગરિકો, પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા સંબંધિત ઉચ્ચ અધિકારીઓને રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં કોણ જાણે કેમ નક્કર કામગીરી થતી નથી.

આમ તાલુકા પંચાત, મામલદાર કચેરી સીટીસર્વે નગરપાલિકા, ગ્રામ પંચાયતના જવાબદાર અધિકારીઓ પદાધિકારીઓની ગેરકાયદે દબાણો બાંધકામો દૂર કરવામાં ભેદભાવભરી નીતિના કારણે હજી અસંખ્ય દબાણોને કોઈ આંચ આવી નથી. કેટલાયે ગામોમાં જાહેર રસ્તાઓ પર ઠેર ઠેર જગ્યાએ દબાણો થઈ જવાથી રસ્તાઓ સાવ સાંકડા બની ગયા છે. કેટલીક જગ્યાએ તો એક ટ્રક કે બસ પણ ન નીકળી શકે તેવી હાલત થઈ છે. કેટલાક કિસ્સાઓમાં બાંધકામને લગતી પરવાનગી મેળવાઈ નથી. ગ્રામ પંચાયતોના દબાણ રજીસ્ટરે વર્ષો અગાઉના દબાણો નોંધાયેલા છે. પાછલા કેટલાક વર્ષોમાં થયેલ દબાણો બાંકામ સર્વે કરીને રેકર્ડ પર લીધેલ નથી.

ગેરકાયદે દબાણો સહિત અનેક પ્રશ્નો ના ઉકેલવામાં સરકારી તંત્રો કે ગ્રામ પંચાયતોને કોઈ જ રસ નથી જેથી લોકોમાં શંકા કુશંકાઓ જાગી છે. સરકાર દ્વારા ગેરકાયદે દબાણો દૂર કરવા અવાર નવાર આદેશ અપાય છે. પરંતુ તેનો યોગ્ય અમલ થતો નથી. આ બાબતે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓએ જાતે તપાસ કરીને કડક પગલાં ભરવા જોઈએ તેવું પ્રજામાં બોલાય છે. ઊંઝા તાલુકાના કેટલાયે કિસ્સાઓમાં દબાણો દૂર કરવા અંગે ઉચ્ચ કક્ષાએથી આદેશો થયેલ છે તેમ છતાં સંબંધિત તંત્ર તરફથી કોઈ પગલાં ન ભરાતાં પુનઃ આ પ્રશ્ને રજુઆત થઈ હોવાનું જાણવા મળેલ છે.

# પવિત્ર શ્રાવણમાસ નિમિત્તે માલપુરમાં દ્વાદશ જ્યોતિર્લિંગ દર્શનાર્થે ખુલ્લા મુકાયા

ઈસરી, તા. ૯

પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે ત્યારે ગ્રામ્ય વિસ્તારના ભક્તજનોને તમામ બારેબાર જ્યોર્તિલિંગના દર્શનનો ઘરે બેઠાં લ્હાવો મળી રહે તેવા શુભઆશયથી જન્માષ્ટમીના દિવસે દ્વાદશ જ્યોર્તિલિંગનો ઉદ્દઘાટન સમારોહ યોજાઈ ગયો. માલપુર રક્ષેશ્વર મહાદેવ પરિસરમાં સમસ્ત બ્રહ્મસમાજ માલપુર, પર્યાવરણ ટીમ, વનમંડળી તથા સ્વસહાય જૂથ આયોજિત આ સમારોહમાં સમારંભ અધ્યક્ષ તરીકે જિલ્લાના સાંસદ શ્રી દિપસિંહજી રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.